**07.02.2023** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

"મીઠાં બાળકો - આ સમયે તમને નિરાકારી મત મળી રહી છે, ગીતા શાસ્ત્ર નિરાકારી મત નું શાસ્ત્ર છે, સાકારી મત નું નથી, આ વાત સિધ્ધ કરો"

પ્રશ્ન :- કઈ ગુહ્ય વાત ખૂબ યુક્તિથી ફર્સ્ટ ક્લાસ બાળકો જ સમજાવી શકે છે?

ઉત્તર :- આ બ્રહ્મા જ શ્રીકૃષ્ણ બને છે. બ્રહ્મા ને પ્રજાપિતા કહેવાશે શ્રીકૃષ્ણને નહીં. નિરાકાર ભગવાને બ્રહ્મા મુખ થી બ્રાહ્મણ રચ્યા છે. શ્રીકૃષ્ણ તો નાનું બાળક છે. ગીતાનાં ભગવાન નિરાકાર પરમાત્મા છે. શ્રીકૃષ્ણનાં આત્માએ પુરુષાર્થ કરીને આ પ્રાલબ્ધ મેળવ્યું. આ ખૂબજ ગુહ્ય વાત છે - જે ફર્સ્ટ ક્લાસ બાળકો જ યુક્તિ થી સમજાવી શકે છે. ૨૦ નખો નું જોર આપીને આ વાત સિધ્ધ કરો ત્યારે સર્વિસ (સેવા) ની સફળતા થશે.

ગીત :- કૌન આયા મેરે મન કે દ્વારે....

ઓમ્ શાંતિ ! બાળકોએ સાંભળ્યું આ આંખ નથી જાણી શકતી, કોને? ભગવાન ને. આ આંખો શ્રીકૃષ્ણને તો જાણી શકે છે. બાકી ભગવાન ને નથી જાણી શકતી. આત્મા જ પરમાત્માને જાણી શકે છે. આત્મા માને છે કે અમારા પરમપિતા પરમાત્મા નિરાકાર છે. નિરાકાર હોવાનાં કારણે, આ આંખો થી ન જોવાના કારણે એટલી યાદ નથી રહેતી. આ નિરાકાર બાપ નિરાકારી બાળકો (આત્માઓ) ને કહે છે. તમને નિરાકારી મત મળે છે. ગીતા શાસ્ત્ર છે જ નિરાકારી મતનું. સાકારી મતનું નથી. ગીતા ધર્મશાસ્ત્ર છે ને. ઈસ્લામીઓ વગેરેનું પણ ધર્મશાસ્ત્ર છે. ઈબ્રાહીમે ઉચ્ચાર્યુ, બુદ્ધે, ક્રાઈસ્ટે ઉચ્ચાર્યુ. એમનાં તો ચિત્ર છે. ગીતા જે સર્વ શાસ્ત્રમઈ શિરોમણી છે, એનાં માટે મનુષ્યોએ શ્રીકૃષ્ણનું ચિત્ર દેખાડી દીધું છે. પરંતુ બાપ સમજાવે છે આ ખોટું છે. ગીતા મેં ઉચ્ચારી, મેં રાજયોગ શીખવાડ્યો અને સ્વર્ગની સ્થાપના કરી છે. હું છું નિરાકાર પરમપિતા પરમાત્મા. હું આપ સર્વ આત્માઓનો બાપ મનુષ્ય સૃષ્ટિ નો બીજરુપ છું. મને જ વૃક્ષપતિ કહેવાય છે. શ્રીકૃષ્ણને વૃક્ષપતિ નહીં કહેવાશે. પરમપિતા પરમાત્મા જ મનુષ્ય સૃષ્ટિનાં બીજરુપ, ક્રિયેટર (રચયિતા) છે. શ્રીકૃષ્ણને ક્રિયેટર નહીં કહેવાશે. એ તો ફક્ત દૈવીગુણ વાળા મનુષ્ય છે. ભગવાન છે એક. શ્રીકૃષ્ણ ને કોઈ બધાનાં પરમાત્મા ન કહી શકાય. બાપ કહે છે હું ૫ હજાર વર્ષ પછી કલ્પ નાં સંગમ પર આવું છું. હું આખી સૃષ્ટિનો બાપ છું, મને જ ગોડફાધર કહે છે. શ્રીકૃષ્ણનું નામ આપવાથી પરમપિતા પરમાત્મા ને જાણી નથી શકતાં. આ જ મોટી ભારે ભૂલ કરી દીધી છે. ગીતા દ્વારા આદિ સનાતન દેવી-દેવતા ધર્મ મેં જ સ્થાપન કર્યો છે. મને શિવ અથવા રુદ્ર ભગવાન કહેવાય છે બીજા કોઈ પણ સૂક્ષ્મ દેવતા કે મનુષ્ય ભગવાન નથી કહેવાતાં. લક્ષ્મી-નારાયણ વગેરે કોઈને પણ પરમાત્મા નથી કહેવાય. કહેવાય છે પરમાત્મા એક છે. ભગવાનુવાચ પણ છે તો જરુર ભગવાન આવ્યાં હશે અને આવીને રાજયોગ શીખવાડ્યો છે. બાપ કહે છે કલ્પ પહેલાં પણ મેં આપ બાળકોને કહ્યું હતું. શ્રીકૃષ્ણ ક્યારેય પણ બાળકો-બાળકો ન કહી શકે. પરમપિતા પરમાત્મા જ બધાંને બાળકો કહે છે. કલ્પ પહેલાં પણ મેં આપ બાળકોને કહ્યું હતું કે દેહી-અભિમાની બનો, મુજ નિરાકાર ને પોતાનાં બાપ ભગવાન સમજો. સાકારી બાપ પ્રજાપિતા બ્રહ્મા થયાં કારણ કે બ્રહ્મા દ્વારા જ ભગવાને બ્રાહ્મણ બ્રાહ્મણીઓ રચ્યા છે. શ્રીકૃષ્ણ પ્રજાપિતા નથી. ભગવાન કહે છે હું બ્રહ્મા મુખ દ્વારા બ્રાહ્મણ બ્રાહ્મણીઓ રચું છું. આ બ્રહ્મા જ શ્રીકૃષ્ણ બને છે, આ કેટલી ગુહ્ય વાત છે. આ સમજાવવામાં ખૂબ યુક્તિ જોઈએ. ફર્સ્ટ ક્લાસ બાળકીઓ જ સમજાવી શકશે. બાપ કહે છે ખૂબજ સારા બાળક કે બાળકી હોય જે સિધ્ધ કરે કે ગીતા નાં ભગવાન નિરાકાર પરમાત્મા છે. જેમણે ગીતા રચી એમણે જ બાળકોને રાજયોગ શીખવાડ્યો અને સ્વર્ગ રચ્યું. જરુર ઊંચામાં ઊંચા બાપ જ રાજયોગ શીખવાડશે. શ્રીકૃષ્ણએ તો પ્રાલબ્ધ મેળવ્યું છે. પ્રાલબ્ધ આપવા વાળા છે પરમપિતા પરમાત્મા. શ્રીકૃષ્ણ છે એમનું બાળક. શ્રીકૃષ્ણનાં આત્માએ પુરુષાર્થ કર્યો અને પ્રાલબ્ધ મેળવ્યું. પુરુષાર્થ કરાવવા વાળા ને ઉડાવીને, પુરુષાર્થ કરી પ્રાલબ્ધ મેળવવા વાળા નું નામ રાખી ગીતા ને ખંડન કરી દીધી છે.

સર્વિસ વધારવા માટે બાળકો એ ૨૦ નખો નું જોર આપવું જોઈએ. ગીતા કોણે ઉચ્ચારી? ગીતા દ્વારા કયો ધર્મ કોણે સ્થાપન કર્યો? આ જ વાતથી તમે સારી રીતે જીત મેળવી શકો છો. પરમપિતા પરમાત્મા દ્વારા સ્વર્ગ નાં

માલિક બનો છો, નહીં કે શ્રીકૃષ્ણ દ્વારા. તો આ વાત પર મહેનત કરવાની છે. બધાં શાસ્ત્ર છે ગીતા નાં બાળકો. તો બાળકો પાસે થી ક્યારેય વારસો મળી ન શકે. વારસો તો જરુર બાપ જ આપશે. કાકા, ચાચા, મામા, ગુરુ વગેરે કોઈ પાસે થી પણ વારસો નથી મળતો. બેહદ નાં બાપ પાસે થી જ બેહદનો વારસો મળે છે. આ લખાણ એવું સાફ (સ્પષ્ટ) કરીને લખવાનું છે કે સમજી જાય કે બરાબર ગીતા ખંડન કરી છે. ગીતાને ડિફેમ (બદનામ) કરી છે, એટલે ભારત કંગાળ બની ગયું છે. કોડી તુલ્ય બની ગયું છે. એવું લખાણ લખો. ભારત ને સ્વર્ગ બનાવવા વાળા કોણ છે? સ્વર્ગ ક્યાં છે? કળિયુગ પછી સતયુગ થશે તો એની સ્થાપના જરુર સંગમ પર થવી જોઈએ. શિવ ભગવાનુવાચ - હું કલ્પ-કલ્પ સંગમ પર પાવન દુનિયા બનાવવા આવું છું. એવું સિધ્ધ કરો જે સમજે કે શિવ પરમાત્મા જ બધાંને દુઃખો થી છોડાવે છે, નહીં કે શ્રીકૃષ્ણ. ગીતા નાં ભગવાનને જે સમજી જશે તે જ આવીને ફૂલ ચઢાવશે. બધાં નહીં ચઢાવે, જે સમજી ગયાં તે ફૂલ બની બલિ ચઢી જશે. બાબાને કોઈ ફૂલ આપે છે તો બાબા કહે છે મને આવાં ફૂલ (બાળકો) જોઈએ. કાંટા મારા પર બલિ ચઢે તો હું એમને ફૂલ બનાવું. બબુલનાથ પણ મારું નામ છે. બબુલ (બાવળ) નાં કાંટા ને ફૂલ બનાવવા વાળો, મને જ કહે છે, શ્રીકૃષ્ણ તો સ્વયં ફૂલ છે. એ છે ગાર્ડન ઓફ અલ્લાહ (ઈશ્વરીય બગીચો), આ છે ડેવિલ ફોરેસ્ટ (રાક્ષસી જંગલ). આને પછી ડીટી ગાર્ડન (દૈવી બગીચો) બાપ બનાવે છે. તમે જ નવી દુનિયાનાં માલિક બનો છો. લક્ષ્મી-નારાયણ ની દૈવી રાજધાની કહેવાય છે. બ્રાહ્મણ કુળ ની રાજધાની નહીં કહેવાશે. આ બ્રાહ્મણ કુળ છે. પરમપિતા પરમાત્માએ બ્રહ્મા દ્વારા પ્રજા રચી છે, એટલે આમને પ્રજાપિતા કહેવાય છે. શિવબાબા ને તથા શ્રીકૃષ્ણ ને પ્રજાપિતા નહીં કહેશે. આ તો કૃષ્ણ પર કલંક લગાવ્યા છે કે ૧૬૧૦૮ રાણીઓ હતી. આ તો પ્રજાપિતા બ્રહ્માએ આટલાં બાળકો અને બાળકીઓ પેદા કર્યા છે.

જ્ઞાનનાં સાગર છે જ એક પરમપિતા પરમાત્મા. પાપનો દંડ ધર્મરાજ આપે છે. પ્રેસિડેન્ટ (રાષ્ટ્રપતિ) ને પણ મોટાં માં મોટાં જજ કસમ (સોગંદ) આપશે (લેવડાવશે). રાજા થી ક્યારેય કસમ નથી ઉઠાવાતી કારણ કે એમને રાજા બનાવે છે ભગવાન. તેઓ છે અલ્પકાળ માટે. અહીં તો બાપ ૨૧ જન્મો માટે રાજ્ય-ભાગ્ય આપે છે. ત્યાં કસમ ઉઠાવવાની વાત નથી. આ મનુષ્ય સૃષ્ટિ રુપી વૃક્ષ છે, કોઈ જંગલી વૃક્ષ નથી. પરમપિતા પરમાત્માને વૃક્ષપતિ કહેવાય છે. શ્રીકૃષ્ણ આ વૃક્ષ નું રહસ્ય નથી બતાવી શકતાં, વૃક્ષપતિ જ સમજાવી શકે છે. નર થી નારાયણ તો બાપ જ બનાવશે, નહીં કે શ્રીકૃષ્ણ. મુખ્ય ધર્મશાસ્ત્ર છે ૪, બાકી બધી છે દંતકથાઓ. પહેલો-પહેલો ધર્મ કયો સ્થાપન થયો અને કોનાં દ્વારા? સ્વર્ગમાં હતો દેવી-દેવતા ધર્મ, તો જરુર એ બાપ જ રચશે. બાપ જૂની દુનિયાથી છોડાવે છે કારણ કે દુઃખ ખૂબ છે. ત્રાહિ-ત્રાહિ કરે છે. બાપ પાસે થી સ્વર્ગ નો વારસો લેવો છે તો હમણાં લો. સાધારણ વ્યક્તિ કોઈ વારસો આપી ન શકે. બાળકોને સર્વપ્રાપ્તિ કરાવવા વાળા છે જ બાપ. બેહદ નાં બાપ જ સ્વર્ગ નાં માલિક બનાવે છે. એવું-એવું ટેમ્પટેશન (પ્રલોભન) આપવાનું છે. જેવી રીતે શિકારી લોકો કોઈથી શિકાર કરાવે છે તો બધી તૈયારી કરી શિકાર સામે લાવીને ફક્ત એનાંથી શિકાર કરાવે છે. અહીં શિકાર કરાવવાનો છે માતાઓથી. બાપ કહે છે શિકાર માતાઓની આગળ લઈ આવવાનો છે. માતાઓ ખૂબ છે. નામ એકનું પ્રસિધ્ધ થઈ જાય છે. તમે શક્તિ સેના છો. શક્તિ રાજધાની નહીં કહેવાશે. શક્તિ સેના ની મુખ્ય છે જગદંબા, કાળી, સરસ્વતી. બાકી ચંડિકા વગેરે ઉલ્ટા નામ પણ ઘણાં રાખી દીધાં છે. તો આપ બાળકોએ એવી વાતો પર ક્લિયર (સ્પષ્ટ) કરવાનું છે કે ઊંચા માં ઊંચા ભગવાન પછી બ્રહ્મા, વિષ્ણુ, શંકર. પ્રજાપિતા બ્રહ્મા ની દિકરી છે સરસ્વતી. એમને ગોડેઝ ઓફ નોલેજ (જ્ઞાન ની દેવી) કહે છે. તો જરુર એમનાં બાળકોને પણ ગોડેઝ ઓફ નોલેજ કહેશે. અંતમાં વિજય તો તમારી થવાની છે. કોઈ-કોઈ ગીતા કરતાં વેદોનું માન વધારે રાખે છે. તો પણ ગીતાનો પ્રચાર વધારે છે. બાપ કહે છે હું આવું છું સંગમયુગ પર. શ્રીકૃષ્ણનું ચિત્ર છે જ સતયુગનું. પછી ૮૪ જન્મો માં રુપ બદલાતું જાય છે. જ્ઞાની તૂ આત્મા ત્યારે બની શકો છો જ્યારે પરમપિતા પરમાત્મા આવીને આત્માનું જ્ઞાન આપે. પરમપિતા પરમાત્મા છે જ્ઞાનનાં સાગર. એમનાં દ્વારા તમે જ્ઞાની તૂ આત્મા બનો છો. બાકી બધાં છે ભક્ત તૂ આત્મા. બાપ કહે છે મને જ્ઞાની તૂ આત્મા પ્રિય લાગે છે. મહિમા બધી ગીતાની છે. ધ્યાની થી જ્ઞાની શ્રેષ્ઠ છે. ધ્યાન ટ્રાન્સ ને કહેવાય છે. આ તો બાપ સાથે યોગ લગાવવાનો છે. ધ્યાનમાં જવાથી કોઈ પણ ફાયદો નથી.

બાપ કહે છે મેં રાજયોગ શીખવાડ્યો હતો. શ્રીકૃષ્ણને આ પ્રાલબ્ધ મેં જ આપ્યું હતું. જરુર આગલા જન્મમાં પુરુષાર્થ કર્યો હશે. આખી સૂર્યવંશી રાજધાનીએ મારા દ્વારા જ પ્રાલબ્ધ મેળવ્યું છે. દેલવાડા મંદિરનો કોન્ટ્રાસ્ટ (વિરોધાભાસ) પણ એવો લખો જે વાંચવાથી જ મનુષ્યને ઝટ તીર લાગી જાય. ફોર્મ પણ ભરાવવાનું છે કે બેહદ નાં બાપ જ્ઞાન નાં સાગર છે, ખૂબ મીઠાં છે, આપણને રાજયોગ શીખવાડે છે. એ સદ્દગુરુ વગર છે ઘોર અંધારું.

આમ બાપની મહિમા કરવાથી બુદ્ધિમાં પ્રેમ આવશે. બાપ સન્મુખ આવીને જન્મ આપે ત્યારે તો પ્રેમ થશે ને. તમને જન્મ આપ્યો છે ત્યારે તો પ્રેમ થયો છે. બાપ કહેવાથી જ સ્વર્ગ યાદ આવે છે. બાબા સ્વર્ગની સ્થાપના કરે છે. આપણે એમની પાસે થી વારસો લઈ રહ્યાં છીએ. વિશ્વાસ કરો કે ન કરો. બેહદ નાં બાપ તો બધાનાં બાપ છે, એમની પાસે થી જરુર સ્વર્ગ નો વારસો મળશે. બાપ છે જ નવી દુનિયાનાં રચયિતા. તો જરુર નવી દુનિયાનો વારસો આપશે. અચ્છા.

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ નાં પ્રિય બનવા માટે બુદ્ધિમાં જ્ઞાન ને ધારણ કરી જ્ઞાની તૂ આત્મા બનવાનું છે. બાપ સાથે યોગ લગાવવાનો છે. ધ્યાન ની આશા નથી રાખવાની.
2. માતાઓને આગળ રાખી એમનું નામ વધારવાનું છે. ઓથોરિટી થી ગીતા નાં ભગવાન ને સિધ્ધ કરવાનાં છે. ૨૦ નખો નાં જોરથી સર્વિસ ને વધારવાની છે.

વરદાન :- શ્રેષ્ઠ જીવન ની સ્મૃતિ દ્વારા વિશાળ સ્ટેજ પર વિશેષ પાર્ટ ભજવવા વાળા હીરો પાર્ટધારી ભવ

બ્રહ્મા બાપે આપ બાળકોને દિવ્ય જન્મ આપતા જ - પવિત્ર ભવ યોગી ભવ નું વરદાન આપ્યું. જન્મતાં જ મોટી મા નાં રુપમાં પવિત્રતાની પ્રેમથી પાલના કરી. સદા ખુશીઓનાં ઝૂલા માં ઝુલાવ્યાં, સર્વગુણ મૂર્ત, જ્ઞાન મૂર્ત, સુખ-શાંતિ સ્વરુપ બનવાની દરરોજ લોરી (હાલરડું) આપી, એવાં માતા-પિતાનાં શ્રેષ્ઠ બાળકો બ્રહ્માકુમાર-કુમારી છો, આ જીવનનાં મહત્વ ને સ્મૃતિમાં રાખી વિશ્વનાં વિશાળ સ્ટેજ પર વિશેષ પાર્ટ, હીરોપાર્ટ ભજવો.

સ્લોગન :- બિંદુ શબ્દ નાં મહત્વને જાણી બિંદુ બની, બિંદુ બાપ ને યાદ કરવા જ યોગી બનવું છે.

માતેશ્વરી જી નાં અણમોલ મહાવાક્ય

પહેલાં-પહેલાં આ જાણવું જરુરી છે કે પોતાનું અસલી લક્ષ શું છે? તે પણ સારી રીતે બુદ્ધિમાં ધારણ કરવાનું છે ત્યારે જ પૂર્ણ રીતે એ લક્ષમાં ઉપસ્થિત થઈ શકશો. પોતાનું અસલી લક્ષ છે - હું આત્મા એ પરમાત્માનો સંતાન છું. અસલમાં હું કર્માતીત છું પછી પોતે પોતાને ભુલવાથી કર્મ બંધનમાં આવી ગયો, હવે ફરીથી એ યાદ આવવાથી આ ઈશ્વરીય યોગમાં રહેવાથી પોતાનાં કરેલા વિકર્મ વિનાશ કરી રહ્યાં છીએ. તો આપણું લક્ષ થયું હું આત્મા પરમાત્માની સંતાન છું. બાકી કોઈ પોતાને હમ સો દેવતા સમજી એ લક્ષ માં સ્થિત રહેશે તો પછી જે પરમાત્માની શક્તિ છે તે મળી નહીં શકે. અને ન પછી તમારા વિકર્મ વિનાશ થશે હવે આ તો પોતાને પૂરેપૂરું જ્ઞાન છે, હું આત્મા પરમાત્માની સંતાન કર્માતીત છું ભવિષ્યમાં જઈને જીવનમુક્ત દેવી-દેવતા પદ મેળવીશ, આ લક્ષમાં રહેવાથી તે તાકાત મળી જાય છે. હવે આ જે મનુષ્ય ઈચ્છે છે અમને સુખ શાંતિ પવિત્રતા જોઈએ, તે પણ જ્યારે પૂર્ણ યોગ હશે ત્યારે જ પ્રાપ્ત થશે. બાકી દેવતા પદ તો આપણું ભવિષ્ય પ્રાલબ્ધ છે, આપણો પુરુષાર્થ અલગ છે અને આપણું પ્રાલબ્ધ પણ અલગ છે. તો આ લક્ષ પણ અલગ છે, આપણે આ લક્ષમાં નથી રહેવાનું કે હું પવિત્ર આત્મા અંતે પરમાત્મા બની જઈશ, ના. પરંતુ આપણે પરમાત્મા સાથે યોગ લગાવી પવિત્ર આત્મા બનવાનું છે, બાકી આત્માએ કોઈ પરમાત્મા નથી બનવાનું.

૨) આ અવિનાશી ઈશ્વરીય જ્ઞાન પર અનેક નામ ધરેલા છે (રાખેલા છે). કોઈ આ જ્ઞાન ને અમૃત પણ કહે છે, કોઈ જ્ઞાન ને અંજન પણ કહે છે. ગુરુનાનકે કહ્યું જ્ઞાન અંજન ગુરુએ આપ્યું, કોઈએ પછી જ્ઞાનવર્ષા પણ કહ્યું છે કારણ કે આ જ્ઞાન થી જ આખી સૃષ્ટિ સબ્જ (હરીભરી) બની જાય છે. જે પણ તમોપ્રધાન મનુષ્ય છે તે સતોગુણી મનુષ્ય બની જાય છે અને જ્ઞાન અંજન થી અંધારું ખતમ થાય છે. આ જ જ્ઞાન ને પછી અમૃત પણ કહે છે જેનાંથી જ મનુષ્ય પાંચ વિકારોની અગ્નિમાં બળી રહ્યાં છે એનાંથી ઠંડા થઈ જાય છે. જુઓ ગીતામાં પરમાત્મા સ્પષ્ટ કહે છે કામેશું ક્રોધેશું એમાં પણ પહેલાં મુખ્ય છે કામ, તે જ પ વિકારોમાં મુખ્ય બીજ છે. બીજ હોવાથી પછી ક્રોધ, લોભ, મોહ, અહંકાર વગેરે ઝાડ પેદા થાય છે, એનાંથી મનુષ્યોની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. હવે આ જ બુદ્ધિમાં જ્ઞાનની ધારણા થાય છે, જ્યારે જ્ઞાનની ધારણા પૂર્ણ બુદ્ધિમાં થઈ જાય છે ત્યારે જ વિકારોનું બીજ ખતમ થઈ જાય છે. બાકી સંન્યાસી તો સમજે છે વિકારોને વશ કરવા ખૂબ અઘરી વાત છે. હવે આ જ્ઞાન તો સંન્યાસીઓમાં છે જ નહીં. તો એવી શિક્ષા આપે કેવી રીતે? ફક્ત એમ જ કહે છે કે મર્યાદા માં રહો. પરંતુ અસલ

મર્યાદા કઈ હતી? તે મર્યાદા તો આજકાલ તૂટી ગઈ છે, ક્યાં તે સતયુગી, ત્રેતાયુગી દેવી-દેવતાઓની મર્યાદા જે ગૃહસ્થમાં રહીને કેવી રીતે નિર્વિકારી પ્રવૃત્તિમાં રહેતા હતાં. હવે તે સાચ્ચી મર્યાદા ક્યાં છે? આજકાલ તો ઉલ્ટી વિકારી મર્યાદા પાલન કરી રહ્યાં છે, એક-બીજા ને એમ જ શીખવાડે છે કે મર્યાદા માં ચાલો. મનુષ્ય ની પહેલી શું ફરજ છે, તે તો કોઈ નથી જાણતું, બસ આટલો જ પ્રચાર કરે છે કે મર્યાદામાં રહો, પરંતુ એટલું પણ નથી જાણતાં કે મનુષ્યની પહેલી મર્યાદા કઈ છે? મનુષ્યની પહેલી મર્યાદા છે નિર્વિકારી બનવું, જો કોઈને એવું પુછવામાં આવે તમે આ મર્યાદામાં રહો છો? તો કહી દે છે આજકાલ આ કળિયુગી સૃષ્ટિમાં નિર્વિકારી થવાની હિંમત નથી. હવે મુખથી કહેવું કે મર્યાદામાં રહો, નિર્વિકારી બનો એનાંથી તો કોઈ નિર્વિકારી બની ન શકે. નિર્વિકારી બનવા માટે પહેલાં આ જ્ઞાન તલવાર થી આ પાંચ વિકારો નાં બીજને ખતમ કરવું ત્યારે જ વિકર્મ ભસ્મ થઈ શકશે. અચ્છા. ઓમ શાંતિ.